અનુસૂચિત જાતિના રૂ.૨.૫૦ લાખથી વધુ આવક ધરાવતાં કુટુંબોની કન્યાઓને રાજ્ય શિષ્યવૃત્તિ યોજનાના નિભાવદર / એકેડેમીક એલાઉન્સમાં ફેરફાર કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:અજાક/૧૦૨૦૧૧/ન.બા-૩૦/ગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૯/૦૨/૨૦૨૨

વંચાણે લીધા:-

(૧) ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયનો તા:૩૦/૦૩/૨૦૨૧નો પત્ર ક્રમાંક: ૧૪૦૧૧/૦૪/૨૦૧૯/SCD-V(પાર્ટ-૧)

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૨૫/૦૪/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૨૦૧૧/ન.બા.૩૦/ગ

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૦૫/૦૪/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૨૦૧૭/૭૧૪૨૩૪/ન.બા.૨૮/ગ

(૪) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૦૨/૦૭/૨૦૨૧નો પત્ર ક્રમાંક: અજાક/ગ-૧/૬/૨૧-૨૨/૩૭૦૨

આમુખ:-

આ વિભાગ દ્વારા અનુસૂચિત જાતિના કુમાર તથા કન્યા વિદ્યાર્થીઓને ભારત સરકારની પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ યોજના હેઠળ શિષ્યવૃતિ ચૂકવવામાં આવે છે. આ યોજનાની ગાઈડલાઈન ભારત સરકાર દ્વારા બહાર પાડવામાં આવે છે, જે મુજબ યોજનાનું અમલીકરણ કરવામાં આવે છે. વર્ષ-૨૦૨૦-૨૧ સુધી આ યોજનામાં ભારત સરકારની તા:૦૩/૦૫/૨૦૧૮ની ગાઇડલાઇન મુજબ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનું ચૂકવણૂ કરવામાં આવતુ હતુ. ત્યારબાદ ભારત સરકાર દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક : (૧) પરના પત્રથી આ યોજનાની રીવાઇઝડ ગાઈડલાઈન બહાર પાડવામાં આવેલ છે.

અનુસૂચિત જાતિના રૂ.૨.૫૦ લાખ સુધીની આવક ધરાવતા કુટુંબના કુમાર તથા કન્યાઓને ભારત સરકારની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ ગૃપવાર નિભાવદર તથા માન્ય નોન-રીફન્ડેબલ ફી શિષ્યવૃત્તિ પેટે ચૂકવવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમાંક : (૨) પરના ઠરાવથી અનુસૂચિત જાતિના રૂ.૨.૫૦ લાખથી વધુ આવક ધરાવતા કુટુંબની કન્યાઓ કે જેઓ ભારત સરકારની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની તમામ શરતો પૂર્ણ કરતી હોય તેમને કેંન્દ્રના ધોરણે સુધારેલ દર મુજબ માત્ર શિષ્યવૃત્તિ (નિભાવ ખર્ચ) ચુકવવાનું ઠરાવવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક : (૨) પરના ઠરાવથી કરવામાં આવેલ જોગવાઈમાં ભારત સરકારની નવી ગાઈડલાઈન મુજબ સુધારો કરવા નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની વંચાણે લીધેલ ક્રમાંક: (૪) આગળ દર્શાવેલ પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ છે, જે બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, વંચાણે લીધેલ ક્રમાંક: (૨) આગળ દર્શાવેલ ઠરાવમાં નીચે દર્શાવેલ કોષ્ટક મુજબ એકેડેમીક એલાઉન્સ / નિભાવ દરોમાં ફેરફાર કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | ગૃપ | ડેસ્કોલર | | હોસ્ટેલર | |
|---|---|---|---|---|---|
| | | હાલના દર (માસિક) | નવા સુધારેલ દર (વાર્ષિક) | હાલના દર (માસિક) | નવા સુધારેલ દર (વાર્ષિક) |
| ૧ | ગૃપ-૧ | ૫૫૦ | ૭૦૦૦ | ૧૨૦૦ | ૧૩૫૦૦ |
| ૨ | ગૃપ-૨ | ૫૩૦ | ૬૫૦૦ | ૮૨૦ | ૯૫૦૦ |
| ૩ | ગૃપ-૩ | ૩૩૦ | ૩૦૦૦ | ૫૭૦ | ૬૦૦૦ |
| ૪ | ગૃપ-૪ | ૨૩૦ | ૨૫૦૦ | ૩૮૦ | ૪૦૦૦ |

૨. વંચાણે લીધેલ ક્રમાંક : (૧) પરના ભારત સરકારના પત્રથી આ યોજનાની જે રીવાઇઝડ ગાઇડલાઇન પ્રસિધ્ધ કરવામાં આવેલ છે, તે મુજબની તમામ જોગવાઈઓનો આ યોજનામાં અમલ કરવાનો રહેશે. આ યોજનામાં ઉક્ત મુજબના સુધારેલ નવા એકેડેમીક એલાઉન્સ / નિભાવ દરો વર્ષ:૨૦૨૧-૨૨થી લાગુ કરવાના રહેશે.

૩. આ યોજનાના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે મુજબના બજેટ સદરે ઉધારવાનો રહેશે.

માંગણી નંબર: ૯૫-આયોજન

મુખ્ય સદર: ૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જન જાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ

પેટા મુખ્ય સદર: ૦૧- અનુસૂચિત જાતિઓનું કલ્યાણ

ગૌણ સદર: ૨૭૭ શિક્ષણ

પેટા સદર: 4 SCW-6 પોસ્ટ મેટ્રીક શિક્ષણ માટે પ્રોત્સાહનો (તાલીમ ફી, એવોર્ડ)

૪. આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૦૪/૦૨/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ.રાજેશ આર. બલદાણિયા)
ઉપ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:

- અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(સા.ન્યા)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ
- નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, બ્લોકનં ૪/૨ ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ)
- સિલેક્ટ ફાઇલ.